પેટ્રોલ તેમજ ડિઝલના ભાવમાં વધારાથી પ્રજા પર બોજ પડશે

અચ્છે દિનના સ્વપ્ન બતાવી લોકો સાથે ચેડા : બે વર્ષની ઉજવણીના તાયફાઓની વચ્ચે સર્વિસ ટેક્સ વધારીને ૧૫ ટકા કરાતા તમામ સેવા મોંઘી થઈ : કોંગ્રેસ

ગાંધીનગર, તા.૧

સમગ્ર દેશની પ્રજાને અચ્છે દિનના સ્વપ્ના બતાવી સત્તા મેળવનાર ભાજપ સરકારે બે વર્ષની ઉજવણીના તાયફાઓ વચ્ચે સર્વિસ ટેક્ષ વધારીને ૧૫ ટકા કરવા ઉપરાંત પેટ્રોલ ડીઝલના ભાવમાં ધરખમ વધારો કરવા સાથે મોંઘવારીનો કમરતોડ બોજો ઝીંકી પ્રજાની ક્રુર મશ્કરી કરી છે તેમ ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે.

કોંગ્રેસના પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, માત્ર ને માત્ર સત્તા લાલસા માટે અચ્છે દિનના સ્વપ્ન બતાવનાર ભાજપ સરકારનું ગુજરાત મોડેલ ફક્ત બે વર્ષમાં પ્રજાજનો માટે દુઃખદ અને અસહ્ય બની ગયું છે. ભાજપ દ્વારા મોદી સરકારની પ્રશસ્તી માટે દેશભરમાં બે વર્ષની ઉજવણીના તાયફાઓ કરી કરોડો રૂપિયા વેડફવામાં આવી રહ્યા છે ત્યારે બીજી તરફ આજથી સર્વિસ ટેક્ષમાં વધારો કરી ૧૫ ટકા કરવામાં આવ્યો છે. ઉપરથી આજે જ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પણ લીટરે ૨.૫૦ જેટલો તોતીંગ વધારો કરી સામાન્ય પ્રજાની કમરતોડી નાંખવામાં આવી છે.

ભાજપ સરકાર દ્વારા છેલ્લા એક વર્ષમાં ત્રણ ટકા જેટલો સર્વિસ ટેક્ષમાં વધારો ઝીંકી પ્રજાના બજેટને વેરવિખેર કરી નાંખવામાં આવ્યું છે. અત્યારે કૃષિ કલ્યાણના નામે ઝીંકાયેલા સેસ ઉપરાંત અગાઉ સ્વચ્છ ભારતનો સેસ ઝીંકવામાં આવ્યો હતો.

ટેક્ષ ધીમે ધીમે વધારીને ગુડઝ એન્ડ સર્વિસ ટેક્ષ જેટલો એટલે કે ૧૮ ટકા સુધી વધારવાનો અંદાજ છે. જેના પરીણામે આ અચ્છે દિન વાળી આ મોદી સરકારના રાજમાં સામાન્ય પ્રજાને જીવવું દોહ્યું થઈ જશે. ભાજપ સરકારે સર્વિસ ટેક્ષમાં વધારો ઝીંકીને છેલ્લા એક વર્ષમાં જ ૧.૨૦ લાખ કરોડ જેટલી કમાણી માત્ર ને માત્ર સેસથી કરી છે. આજથી કૃષિ કલ્યાણ સેસ લગાવીને સર્વિસ ટેક્ષ ૧૫ ટકા કરવામાં આવતા સરકારને વધારાના પાંચ હજાર કરોડ મળશે.



અમદાવાદ શહેરમાં સ્કૂલો શરૂ થવા આડે થોડાક દિવસ બાકી છે ત્યારે નોટબુક અને પાઠ્યપુસ્તકની ખરીદીને લઈને માહોલ જામ્યો છે.

મિડ-એજ હેલ્થ ક્લબ દ્વારા દંપતિ-રજોનિવૃત્તિ વિશે જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન

મિડ-એજ હેલ્થ ક્લબ, અમદાવાદ દ્વારા સ્વાસ્થ્ય સંબંધી જાણકારીહેતુ ''દંપતિ-રજોનિવૃત્તિ'' અંગેના ગરબા, ભવાઈ, નાટક જેવા પરંપરાગત માધ્યમો દ્વારા જનજાગૃતિના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. સંસ્થા દ્વારા આ વિષય પર એક સાંસ્કૃતિક કાર્યક્રમ રાજભવનના અધિકારીઓ અને કર્મચારીઓ માટે ગઈકાલે યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત રહેલા ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીએ જણાવ્યું હતું કે મિડ-એજ હેલ્થ ક્લબ, સ્ત્રીરોગોના નિષ્ણાત મહિલા તબીબો ડૉ. કલાબેન શાહ અને ડૉ. જયશ્રીબહેન ગાંધી તથા તેમના સહયોગીઓ સમાજમાં સ્વાસ્થ્ય સંબંધી જાગૃતિ માટે નાટક, ગરબા, ભવાઈ જેવા લોકપ્રિય માધ્યમોથી જનજાગૃતિનું કાર્ય કરી રહી છે, તે પ્રશંસનીય છે. પ્રારંભમાં સંસ્થાના અધ્યક્ષા ડૉ. કલાબહેન શાહે દંપતિ-મોનોઝ વિશે સમાજમાં જાણકારીનો અભાવ પ્રવર્તે છે તેની ચિંતા વ્યક્ત કરી જણાવ્યું હતું કે તેમની સંસ્થા આ વિષય અંગે સ્વાસ્થ્ય અને ચિકિત્સા સંબંધી જાગૃતિ માટે કાર્યરત છે. આ કાર્યક્રમમાં શ્રીમતી અવિનાશ કોહલી, અમદાવાદ શહેરના મેયર ગૌતમભાઈ શાહ, રાજભવનના અધિકારી-કર્મચારીઓ, સંસ્થાના પદાધિકારીઓ અને સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. ''દંપતિ મોનોપોઝ'' પર સંસ્થાના કલાકારોએ વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો.

મોડાસાની તત્વ ઈન્સ્ટીટ્યૂટમાં ઈજનેર પ્રવેશ માટે માર્ગદર્શન યોજાશે

મોડાસા, તા. ૧

મોડાસાની તત્વ ઈન્સ્ટીટ્યૂટ ખાતે ચાલુ વર્ષે એન્જીનીયરીંગની પ્રવેશ પ્રક્રિયાને લગતી તમામ જાણકારી તેમજ માર્ગદર્શન વિદ્યાર્થીઓને આપવામાં આવશે.

અનિવાર્ય સંજોગોને કારણે આ વર્ષે એસીપીસી તેમજ એસીપીડીસી હેલ્પ સેન્ટર ઉપલબ્ધ નથી પરંતુ સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓ તથા વાલીઓને પ્રવેશ પ્રક્રિયાની તમામ કાર્યવાહી વિનામુલ્યે કરી આપવામાં આવશે જે વિદ્યાર્થીઓને રજીસ્ટ્રેશન કરવું હોય તેઓએ દેનાબેંક શામળાજી રોડ બ્રાન્ચમાંથી પીન અને બુકલેટ મેળવી તત્વ કોલેજ ખાતે આવી શકે છે અને એડમીશનના માર્ગદર્શન માટે વાલી તથા વિદ્યાર્થીઓને સંસ્થાની રૂબરૂ મુલાકાત લેવા માટે સંસ્થાના કેમ્પસ ડાયરેક્ટરે અપીલ કરી હતી.

કેશ વાનમાંથી ચોરી કરનાર એકની રોકડ સાથે ધરપકડ

અમદાવાદ, તા.૧

કોટક મહિન્દ્રા બેંકની કેશવાનમાંથી ચોરી કરનાર આરોપીને ક્રાઈમ બ્રાંચે ઝડપી પાડ્યો હતો. આરોપીને હાટકેશ્વર સર્કલ પાસેથી ધરપકડ કરી હતી. આરોપી પાસેથી ચોરી કરેલ રોકડ રકમ રૂ. ૪,૪૦,૦૦૦ના મુદ્દામાલ મળી આવતા કબ્જે કર્યો હતો. આ ઉપરાંત વેપારીના ગોડાઉનમાંથી ચોરી કરેલ એસી યુનિટ સાથે બે આરોપીઓને ક્રાઈમ બ્રાંચે ઝડપી પાડ્યો હતો. આરોપીઓને જમાલપુર બ્રીજ પાસેથી ઝડપી પાડ્યો હતો. આરપીઓ પાસેથી ચોરી કરેલ એસી યુનિટ નંગ-૩ રૂ. ૯૦,૦૦૦નો મુદ્દામાલ મળી આવતા કબ્જે કર્યો હતો. ક્રાઈમ બ્રાંચે વટવા જીઆઈડીસી અને નવરંગપુરાના ગુન્હાનો ભેદ ઉકેલ્યો હતો. અમદાવાદ ક્રાઈમ બ્રાંચ ટીમ સહિત પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન બાતમી મળી હતી. બાતમીના આધારે જમાલપુર બ્રીજ પાસેથી આરોપીઓ ૧. આશીફખાન નાશીરખાન પઠાણ

(ઉ.વ.૨૨) ૨. મોહમદ ફુરકાન મોહમદ ફારૂક શેખ (ઉ.વ.૨૫)નાઓની ધરપકડ કરી હતી. આરોપીઓ પાસેથી ચોરીના સલીટ એસી યુનિટ નંગ-૩ રૂ. ૯૦,૦૦૦નો મત્તાનો મુદ્દામાલ મળી આવતા કબ્જે કર્યો હતો. પકડાયેલા આરોપીઓની સઘન પુછપરછ કરતાં બંને આરોપીઓ એ વીસ દિવસ અગાઉ વહેલી સવારે સીજી રોડ ખાતે આવેલી પીજી કોર્પોરેશન નામની દુકાનમાંથી ચોરી કરી હોવાનું જણાવ્યું હતું. આ અંગે આરોપી અને મુદ્દામાલને નવરંગપુરા ખાતે સોંપવા તજવીજ હાથ ધરી છે. અમદાવાદ ક્રાઈમ બ્રાંચ ટીમ સહિત પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન બાતમી મળી હતી. બાતમીના આધારે હાટકેશ્વર સર્કલ પાસેથી આરોપી મનોજ કિશોરભાઈ બોટવાલ (ઉ.વ.૩૨)નાની ધરપકડ કરી હતી. આરોપી પાસેથી રૂ. ૫૦૦ના દરની નોટોના બંડલો રૂ. ૪,૪૦,૦૦૦ મળી આવતા કબ્જે કર્યું હતું. પકડાયેલા આરોપીની સઘન પુછપરછ કરતાં આરોપી કોટક મહિન્દ્રાની કેશવાનમાં નોકરી કરતો હતો. આરોપીએ ૫ દિવસ અગાઉ ચોરી કરી હોવાનું જણાવ્યું હતું. આ અંગે વટવા જીઆઈડીસી ખાતે ગુનો નોંધાયો હતો. આ અંગે આરોપી અને મુદ્દામાલને વટવા જીઆઈડીસી ખાતે સોંપવા તજવીજ હાથ ધરી છે.

હિંમતનગરમાં ફરિયાદ પાછી ખેંચી લેવા બાબતે ધમકી અપાતા પાંચ વિરૂદ્ધ ફરિયાદ

હિંમતનગર, તા. ૧

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર સવગઢમાં રહેતા એક શખ્સે થોડા સમય અગાઉ વ્યાજ બાબતે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ પરત ખેંચી લેવા માટે ધાક-ધમકી આપી પરિવારને સળગાવી દેવાનું કહેતા પાંચ શખ્સો વિરૂદ્ધ બુધવારે જાદર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઈ હતી.

આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ સવગઢમાં રહેતા અબ્દુલમજીદ અબ્દુલસતાર મેમણે ગત તા.૧૦ મે ના રોજ ૨૫ ટકા વ્યાજ લેવાના મામલે સવગઢમાં રહેતા નાસીરખાન ઉર્ફે લાલીયો ઈકબાલખાન પઠાણ તથા બીજા ત્રણ ઈસમો વિરૂદ્ધ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઈ હતી. જેની અદાવત રાખીને સોમવારે જાદર પોલીસ સ્ટેશનની હદમાં આવતા ઈસરવાડા ગામની સીમમાં આવેલ એક ખેતરમાં જઈને અબ્દુલમજીદ મેમણને નાસીરખાન પઠાણ, જુનેદમીયા આસીનમીયા મલેક તથા સીરાજમીયા ઉર્ફે વિરપ્પન હુસેનમીયા મલેક તથા પ્રાંતિજના ફીરોજમીયા શેરૂમીયા સુમરાએ મારી નાખવાની ધમકી આપી જણાવ્યુ હતું કે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં જે ફરિયાદ નોંધાવી છે તે પાછી ખેંચી લે જે અને જમીનનો કબજો અમારે લેવાનો છે, જો તેમ નહિ કરે તો એટ્રોસીટીના ગુનામાં સંડોવી દેવાની ધમકી આપી હતી. જોકે આ સમયે અબ્દુલમજીદ મેમણના મિત્ર મહિપાલસિંહ પોપટસિંહ ચૌહાણે દરમિયાનગીરી કરી મામલો થાળે પાડયો હતો. ત્યારબાદ અબ્દુલમજીદ મેમણે નાસીરખાન પઠાણ, જુનેદમીયા મલેક, સીરાજમીયા મલેક, ફીરોજમીયા સુમરા તથા તિરગર કુમુદભાઈ વિરૂદ્ધ બુધવારે જાદર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

બિન અનામત કક્ષાના વિદ્યાર્થીઓને વિજ્ઞાન પ્રવાહની શાળાઓમાં પ્રવેશ મેળવવા બાબત

પાલનપુર, તા. ૧

ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહના બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગના (ઈ.બી.સી.) વિદ્યાર્થીઓને આર્થિક પછાત વર્ગનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજુ કર્યેથી સરકારી, ગ્રાન્ટેડ, નોન ગ્રાન્ટેડ શાળામાં પ્રવેશ આપવામાં આવશે. તા. ૭-૬-૨૦૧૬ સુધી જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, જોરાવર પેલેસ, પાલનપુર ખાતે ફોર્મનું વિતરણ થશે. અને ભરેલા ફોર્મ તમામ આધારની પ્રમાણિત નકલ સાથે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીએ તા. ૭-૬-૨૦૧૬ સુધી જમા કરાવવાના રહેશે. તા. ૭-૬-૨૦૧૬ પછી આવેલ ફોર્મ કોઈ પણ સંજોગોમાં સ્વિકારવામાં આવશે નહી તેમજ કચેરી સમય દરમ્યાન અને રજાના દિવસો સિવાય ફોર્મ સ્વિકારવામાં આવશે તેમ બનાસકાંઠા જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, પાલનપુર દ્વારા જણાવાયું છે.

ખૂન તથા ઘરફોડ ચોરીઓમાં સામેલ બે ગુનેગારો પકડાયા

અમદાવાદ, તા.૧

અગાઉ ખુન અને ઘરફોડ ચોરીના ગુન્હામાં રીઢા બે આરોપીઓને ક્રાઈમ બ્રાંચે ઝડપી પાડ્યા હતા. આરોપીઓને દરીયાપુર દરવાજા પાસેથી પકડી પાડ્યા હતા. આરોપીઓ પાસેથી સોનાના હીરા જડીત દાગીના, મળી રૂ. ૫,૬૮,૦૦૦ના મુદ્દામાલ મળી આવતા કબ્જે કર્યો હતો. ક્રાઈમ બ્રાંચ દ્વારા પાંચ ગુનાઓનો ભેદ ઉકેલાયો હતો. અમદાવાદ ક્રાઈમ બ્રાંચ ટીમ સહિત પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન બાતમી મળી હતી. બાતમીના આધારે દરીયાપુર દરવાજા પાસેથી આરોપીઓ ૧. જંયતી ઉર્ફે ખાલી ધીરૂભાઈ ઝાલા (ઉ.વ.૨૩) અને ૨. સંજય ઉર્ફે લોખંડ સુખદેવ બીલાડે (ઉ.વ.૨૧)નાઓની ધરપકડ કરી હતી. આરોપીઓ પાસેથી સોનાના હીરા જડીત દાગીના, ઈમીટેશન જવેલરી, મોબાઈલ ફોન

નંગ.૩સ બાઈક, છરો મળી રૂ. ૫,૬૮,૧૦૦ની મત્તાનો મુદ્દામાલ મળી આવતા કબ્જે કર્યો હતો. પકડાયેલા આરોપીઓની સઘન પુછપરછ કરતાં બંને આરોપીઓ ભેગા મળી ત્રણ દિવસ પહેલા વહેલી સવારે બાઈક લઈ નીકળ્યા હતા. પાંચ વાગ્યાની સુમારે શાહીબાગ ખાતેના ખુલ્લા મકાનમાં પ્રવેશ્યા હતા. કબાટમાંથી સોનાના હીરા જડીત દાગીના, ઈમીટેશન જવેલરી, મોબાઈલ ફોનો, રોકડ રકમ રૂ. ૧૧,૦૦૦ પરચુરણ વસ્તુઓ અને બેગ મળી રૂ. ૭,૨૧,૦૦૦ની મત્તાની ચોરી કરી હોવાની કબુલાત કરી હતી. આ અંગે માધુપુરા ખાતે ગુનો નોંધાયો હતો. આઠ દિવસ અગાઉ બંને આરોપીઓ અને સહઆરોપી મયુર ઉર્ફે કાલુ ઠાકોર ભેગા મળીને શાહીબાગ ખાતેના વાટીકા ફલેટના મકાનમાંથી એક મોબાઈલ ફોન અને અનિલ ફલેટના બે મકાનમાંથી એક મોબાઈલ ફોન અને રોકડ રમકની ચોરી કરી હોવાની કબુલાત કરી હતી. આરોપી સંજય ઉર્ફે લોખંડ ગોમતીપુર ખાતે તડીપાર કરતા અને વગરપાસ પરવાને છરો રાખતા તેની વિરુદ્ધ ગુનો નોંધાયો છે. પકડાયેલા આરોપીઓની પુછપરછ કરતાં બંને આરોપીઓ તથા સહ આરોપી જંયતી અરવિંદભાઈ પરમારનાઓ ભેગા મળી ૨૦૧૨માં કલોલ ખાતે ફેબ્રીકેશન ફેકટરી ખાતે લોખંડ ચોરી કરવા ગયા હતા.

ઝીંઝવાના કારચાલકને મારી નાખવાની ધમકી અપાતા પોલીસ ફરીયાદ

પ્રાંતિજ, તા. ૧

પ્રાંતિજ સીનેમા રોડ ઉપર મંગળવારના રોજ રાત્રે પ્રાંતિજના ત્રણ શખ્સો દ્વારા અમદાવાદ તરફથી આવતી કારને રોકી કાર ચાલકને માર મારી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપતા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ત્રણ વિરૂદ્ધ પોલીસ ફરિયાદ થઈ હતી.

મળતી માહિતી મુજબ ફરીયાદી ભરતકુમાર ડાહ્યાભાઈ પટેલ રહે. ઝીંઝવા કે જેવો અમદાવાદથી પ્રાંતિજ તરફ આવતા હતા તે સમયે પ્રાંતિજ સિનેમા રોડ ઉપર આરોપીઓએ ફરીયાદીએ આરોપીઓની ગાડીને એક્સીડન્ટ કરીને ભાગેલો છે તેવો વહેમ રાખી આરોપીઓએ ફરીયાદીની ગાડી રોકીને વિભત્સ ગાળો બોલી ફરીયાદીને ગડદા પાટુ માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપતા ફરિયાદી ભરતભાઈ પટેલ દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં શાતુભાઈ ઉર્ફે ભગત ભીખાભાઈ ભોઈ, લાલભાઈ શાતુભાઈ ભોઈ તથા શાતુભાઈના જમાઈ ત્રણેય રહે. પ્રાંતિજ સ્વામિનારાયણ સોસાયટી ત્રણેય વિરૂદ્ધ પોલીસે કલમ-૩૨૩, ૩૦૪, ૫૦૫/૨, ૧૧૪ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

બ્રહ્માકુમારીઝમાં ડૉ. કેશુભાઈ દેસાઈનું બીજ-વ્યાખ્યાન યોજાયું

આબુ, તા. ૧

તા. ૨૭ મે ની સાંજે પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય, માઉન્ટ આબુ ખાતે દેશના પ્રબુદ્ધ કેળવણીકારો અને કુલપતિઓની પરિષદમાં જાણીતા સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈએ ચાવીરૂપ બીજ વ્યાખ્યાન આપી મૂલ્યનિષ્ઠા અને આધ્યાત્મિકતાનું ઉત્કૃષ્ટ જીવન બનાવવામાં અત્યંત અગત્યનું યોગદાન હોવાનું પ્રતિપાદન કર્યું હતું. શ્રેષ્ઠ અને નીતિમય તથા આધ્યાત્મિક જીવન જીવી ગયેલા મહાભારતના ઉપેક્ષિત પાત્ર વિદુરનું મૃત્યુ પણ એમના સમકાલીન મહાપુરુષોની સરખામણીએ શ્રેષ્ઠ હતુ, તેમ જણાવી ડૉ. કેશુભાઈ દેસાઈએ ભૌતિક સંપત્તિ અને ભોગ વિલાસવાળી જીવનશૈલી કરતાં સાદું સીધું, ઓછી જરૂરિયાતોવાળું જીવન જીવવાની પદ્ધતિ અપનાવવા અનુરોધ કર્યો હતો. એમણે વિશ્વ જ્યારે વિનાશના આરે ઊભું છે ત્યારે 'શાંત ક્રાંતિ'ની મશાલ લઈ વિશ્વને માર્ગદર્શન આપતી 'બ્રહ્માકુમારીઝ' દ્વારા નારીચેતના-માતૃ ચેતના પ્રગટાવી માનવ જાતને બચાવી શકાય એમ છે એવી શ્રદ્ધા વ્યક્ત કરી હતી. ત્રણ દિવસની શિક્ષણ વિદોની પરિષદના પ્રથમ સત્રમાં જ ડૉ. કેશુભાઈ દેસાઈનું બીજરૂપ વ્યાખ્યાન આયોજિત કરવા બદલ ગાંધીનગર અને ચિલોડા ખાતે કાર્યરત બ્રહ્માકુમારીઝ કેન્દ્રોની તપસ્વિની બહેનોએ માઉન્ટ આબુના હેડ ક્વાટર્સ ખાતે શૈક્ષણિક વિંગના કર્ણધાર બ્ર.કુ. મૃત્યુંજયનો આભાર માન્યો હતો.

નવો રૂટ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રમુખ અરૂણ બુચના જણાંવ્યા મુજબ ગાંધીનગર અમદાવાદ રૂટની બસોનો રૂટ બદલી હાલ રાણીપ બસસ્ટેન્ડ થઈને દોડાવામાં આવે છે.જેના પરિણામે રોજબરોજ સેંકડો મુસાફરોએ હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. આ મામલે એસ ટી તંત્ર સમક્ષ અનેકવાર નગરના અગ્રણીઓ તેમજ મુસાફરોકક્ષાએથી પણ રજુઆત કરવામાં આવી છે. આમછતા રાણીપમાં પી પી ધોરણે વિકસાવામાં આવેલા બસ સ્ટેન્ડને નાગરિકોની હાલાકીના ભોગે ધમધમતુ રાખવાનો કારસો અમલી બનાવાયો છે. નવા રૂટની વ્યવસ્થાના લીધે વર્ષોથી અપડાઉન કરતા મુસાફરોએ ડગલે અને પગલે હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. આમ નાગરિકોનો અભિપ્રાય જાણ્યા વગર જ એસ ટી તંત્ર દ્વારા આ નિર્ણયનો અમલ કરી દેવાયો છે. જયારે મુસાફરોની અનેક રજુઆતાને પણ નજરઅંદાજ કરવામાં આવી રહી છે. મહામંડળ દ્વારા પણ આ અંગે અનેકવાર ઉચ્ચ કક્ષાએ રજુઆત કરવામાં આવી હોવાછતા કોઈ પગલા લેવાતા નથી. નગરજનોમાં આ વ્યવસ્થા બંધ કરી જુના રૂટ મુજબ વ્યવસ્થા પુનઃ ગોઠવવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. આમ નાગરિકોની રજુઆતને ન્યાય નહીં મળે તો આંદોલનની રાહ અપનાવાશે તેવી ચિમકી પણ ઉચ્ચારવામાં આવી છે. એકબાજુ એસ ટી અમારી સલામત સવારીના સુત્રો સાથે ખાનગી વાહનોની જોખમી મુસાફરીથી નાગરિકોને સમયસર અને નિયમિત બસ સેવા પુરી પાડવામાં આવતી હોવાનો દાવો એસ ટી તંત્ર દ્વારા કરવામાં આવે છે. આવા સંજોગોમાં હજારો કીલોમીટર વધારાનુ રૂટમાં બસ દોડાવી રાણીપ બસ સ્ટેન્ડ થઈને નવો રૂટ શરૂ કરાતા મુસાફરો આગ બબુલા બન્યા છે.

વિવાક વકર્યો.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

આવેલા આ ઈમેઈલમાં વાઢેરાએ પોતાની લંડન સ્થિત પ્રોપર્ટીના ઈન્ટીરિયરને ફાઈનલ કરવાની વાત કરી હતી. આ સંબંધમાં કરવામાં આવેલા એક ઈમેઈલથી જાણવા મળ્યું છે કે, પહેલા ભંડારીના એક સંબંધી સુમિત ચઢ્ઢાએ તેની કિંમત ૨૮ હજાર પાઉન્ડ ગણાવી હતી ત્યારબાદ તેમાં કેટલીક ચીજો ઉમેરીને તેની કિંમત ૩૫૦૦૦ પાઉન્ડ દર્શાવવામાં આવી હતી. ભંડારીના આવાસ ઉપર દરોડા બાદ પાંચમી મેના દિવસે ઈન્કમ ટેક્સ વિભાગે કેટલાક દેશોને ઓછામાં ઓછી સાત પ્રોપર્ટીની તપાસ કરવા માટે વિનંતી મોકલી હતી જેમાં બ્રિટિશ વર્જિન આઈલેન્ડ, બ્રિટન, દુબઈનો સમાવેશ થાય છે. આ સોદાબાજી અને ભંડારી મારફતે થયેલી અન્ય ડીલના સંબંધમાં માહિતી માંગવામાં આળી હતી. ડિપાર્ટમેન્ટ દ્વારા આ દેશો તરફથી જવાબની રાહ જોવાઈ રહી છે. એવા આક્ષેપ છે કે, ડીલ ઓક્ટોબર ૨૦૦૯માં થઈ હતી અને જૂન ૨૦૧૦માં આ પ્રોપર્ટીને વેચી દેવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, જમાઈ રોબર્ટ વાઢેરાની લીગલ ટીમ એવા અહેવાલને રદિયો આપી ચુકી છે કે, રોબર્ટ વાઢેરા પ્રત્યક્ષ અથવા પરોક્ષરીતે લંડનમાં કોઈ પ્રોપર્ટી ધરાવે છે.

લીગલ ટીમે એવા અહેવાલને પણ રદિયો આપ્યો છે કે, રોબર્ટ વાઢેરાના આર્મ્સ ડીલર સંજય ભંડારી અથવા આર્મ્સ ડીલરનો મિત્ર સુમિત ચઢ્ઢા સાથે કોઈપણ પ્રકારના બિઝનેસ સંબંધો રહેલા છે. ભંડારી સાથે મારા ક્લાઈન્ટોના કોઈ બિઝનેસ સંબંધ નથી. કોઈ નાણાંકીય લેવડદેવડ પણ કરવામાં આવી નથી. વાઢેરાના આક્ષેપોના મામલામાં તપાસ ચાલી રહી છે.

બ્યુટીફિકેશન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વાહનચાલકો રોંગ સાઈડમાં અવરજવર કરતા હોવાનુ પ્રકાશમાં આવતા તંત્ર દ્વારા આ વિસ્તારમાં સર્કલની આસપાસ આઈલેન બનાવી દેવામાં આવ્યા હતા. જેના લીધે ટ્રાફિકની સમસ્યા પણ હળવી થઈ હતી. જયારે સર્કલ આસપાસ સ્થિત ટ્રાફિક આઈલેનમાં સુશોભિત કુંડાઓ પણ મુકવામાં આવ્યા હતા. પરંતુ સમય જતા આ કુંડાઓની ઉઠાંતરી થતા આ વિસ્તાર ઉજ્જડ બન્યો હતો. જેને ધ્યાને લઈ તંત્ર દ્વારા આ ઠેકાણે પ્લાન્ટેશન કરવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ કામગીરી બાગાયત વિભાગને સોંપવામાં આવી છે. સર્કલ આસપાસ સ્થિત બન્ને આઈલેનમાં બાગાયત તંત્ર દ્વારા હરિયાળી લોન ઉછેરવામાં આવશે. આ ઉપરાંત વિવિધ પ્રકારના રંગબેરંગી ફુલો નિખરે તે માટે પ્લાન્ટેશન કરવામાં આવશે. પશુઓ ખાઈ ન શકે તેવા પ્રકારનુ પ્લાન્ટેશન કરવામાં આવશે. આગામી વાઈબ્રન્ટ પુર્વે આ બન્ને આઈલેનમાં હરિયાળી લોન વચાળે ફુલોનો સુશોભન જોવા મળશે. આઈલેનના બ્યુટીફિકેશનનુ કામ શરૂ કરી દેવાયુ છે.

વિમાની યાત્રા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સામનો કરી રહેલી એરલાઈન્સ ઉપર વધારાનો નાણાંકીય બોજ આવશે. પેસેન્જર ભાડામાં કોઈ વધારો કરવામાં આવશે કે કેમ તે સંદર્ભમાં એરલાઈન્સ તરફથી હજુ સુધી કોઈ પ્રતિક્રિયા મળી શકી નથી. આવી જ રીતે ઓઈલ કંપનીઓએ નોન સબસિડી એલપીજીની કિંમતમાં ૨૧ રૂપિયાનો વધારો કર્યો છે. ક્વોટાના ૧૨ સિલિન્ડરની ખરીદી કરવામાં આવ્યા બાદ ૧૩માં સિલિન્ડરની ખરીદી ઉપર ૨૧ રૂપિયા વધારે ચુકવવા પડશે. બિન સબસિડીવાળા એલપીજીની કિંમત હાલમાં ૫૪૮.૫૦ રૂપિયા છે. જે અગાઉ ૫૨૭.૫૦ રૂપિયા હતી. પહેલી મેના દિવસે બિનસબિસિડીવાળા એલપીજી ગેસ સિલિન્ડરનીકિંમતમાં ૧૮ રૂપિયાનો વધારો સિલિન્ડરદીઠ કરવામાં આવ્યો હતો. જ્યારે સબસિડીવાળા એલપીજી ગેસ સિલિન્ડરની કિંમત દિલ્હીમાં ૪૧૯.૧૮ રૂપિયા છે. ત્રણ મોટી કંપનીઓ ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન, હિન્દુસ્તાન પેટ્રોલિયમ અને ભારત પેટ્રોલિયમ દ્વારા દર મહિનાના પ્રથમ દિવસે એલપીજી અને જેટ ફ્યુઅલની કિંમતમાં સુધારા કરવામાં આવે છે.